

સામૈયું : શતવર્ષિય પચાંગના રચયિતા અને પદ્મસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન અરવિંદસાગરસૂરિશ્વર અને મૂનિ ભગવંતો ગાંધીનગરમાં પધારતા શનિવારે સવારે જૈન સમાજના આગેવાનોએ ભવ્ય સામૈયુ કર્યું હતું. સામૈયા બાદ ઉપાશ્રય ખાતે આચાર્ય સાહેબનું પ્રવચન યોજાયું હતું. અરવિંદસાગરસૂરિવરજીગણિત શાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્રના જાણકાર છે.

## શંકરસિંહ કોંગ્રેસમાં છે અને પક્ષને છોડશે નહીં : ભરતસિંહ

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આજે ફરી એક વાર ભારપૂર્વક શંકરસિંહ વાઘેલાના એવી સ્પષ્ટતા કરી હતી તેઓ કોંગ્રેસમાં જ છે અને કોંગ્રેસમાં જ રહેવાના છે તે ભાજપમાં જવાના નથી પરંતુ ભાજપના જ કેટલાક આગેવાનો આગામી દિવસમાં કોંગ્રેસમાં જોડાવવાના છે. કોંગ્રેસની મધ્યસ્થ કચેરી રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા ભરતસિંહ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, શંકરસિંહ વાઘેલા ભાજપમાં જોડાવવાનો છે તેવો અપપ્રચાર માત્ર ભાજપ દ્વારા જ ચલાવવામાં આવી રહ્યો છે. શંકરસિંહ ચીનની યાત્રાએ ગયા તે પહેલા પણ મને મળ્યા હતા અને હવે તેઓ પરત ફરશે ત્યારે કોંગ્રેસના કાર્યમાં લાગી જશે તે સ્પષ્ટ છે. કોંગ્રેસ પક્ષમાં શંકરસિંહ પક્ષ છોડીને જાય છે તેવી કોઈ પણ ચર્ચા નથી અને તેઓ અમારા વિપક્ષના નેતા છે અને ક્યાંય જવાના નથી આતો માત્ર ભાજપનો અપપ્રચાર છે અને માત્ર કેટલીક ટીવી ચેનલો તથા અખબારોમાં વહેતા કરાયેલા આ ગળગોળા છે તેનાથી વિરોધ કંઈ નથી.

# ગાંધીનગર જિલ્લા મેગા જોબફેરમાં ત્રેત્રીસ કંપનીઓએ ભાગ લીધો

### મેગા જોબ ફેરમાં ઉત્સાહભેર ૧૨૦૦ જેટલા ઉમેદવારોએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૦ ગાંધીનગર જિલ્લાનાં યુવાધનને બોજગારી પ્રાપ્ત થાય અને પોતાનું ભવિષ્ય ઉજજવળ બનાવી શકે તે માટે જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર જિલ્લા રોજગાર વિનીમય કચેરી, ગાંધીનગર તેમજ એસ.કે.પટેલ કડી કેમ્પસ, સેકટર ૨૩, ગાંધીનગર દ્વારા તા. ૧૯/૫/૨૦૧૭ના રોજ મેગા જોબ ફેર યોજવામાં આવેલ. જેમાં ગાંધીનગર કલેકટરશ્રી સતીષ પટેલે જોબફેરનાં સ્થળ પર મુલાકાત લઈને વિધ્યાર્થીઓને રોજગારી પ્રાપ્ત કરે તે માટે શુભેચ્છા પાઠવી હતી તથા નોકરીદાતાઓ વધુને વધુ ભાગ લે તેવુ પણ સુચન કર્યુ હતું. રોજગાર અધિકારીશ્રી વી.એસ.પાંડોરે ઉમેદવારોને જોબફેર વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ કાઉન્સ્લેરશ્રી નિર્મલભાઈ પટેલે સ્વરોજગાર સંસ્થા તરફથી શ્રી ચૌહાણે તેમની સંસ્થા તરફથી અપાતી તાલીમ અંગે માહિતી – માર્ગદર્શન આપેલ. તેમજ વિવિધ કંપનીઓમાંથી કુલ ૩૩ નોકરીદાતાઓ હાજર રહેલ. આ મેગા જોબફેરમાં અંદાજીત ૧૨૦૦ જેટલા ઉમેદવારોએ ઉત્સાહભેર ભાગ લીધેલ જેમાંથી ૮૪૦ જેટલા ઉમેદવારોએની સ્થળ પર પ્રથમિક પસંદગી થયેલ છે. જેઓને બીજા તબકકામાં ઈન્ટરવ્યુ માટે બોલાવી જોબ પ્લેસમેન્ટ આપવામાં આવશે. આ પ્રસંગે એસ.કે.પટેલ કડી કેમ્પસનાં ડાયરેકટરશ્રી ભાવિનભાઈ પંડયા અને પ્રોફેસર ડો. કૃતિ પટેલ તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રતિનિધિ હાજર રહયા હતાં. રાજયની રોજગાર સેવાઓ અંગે આપી હતી. દેના બેંકના શ્રી પ્રવીણભાઈ પંડયાએ કેશ લેશ વ્યવહાર અંગે તથા બરોડા ગ્રામીણ





# ગાંધીનગર સહિત રાજ્યમાં તીવ્ર ગરમીનું મોજુ યથાવત

ગાંધીનગર, તા.૨૦ અમદાવાદ શહેરમાં કાળઝાળ ગરમીનું મોજુ અકબંધ રહ્યો છે. આજે પણ પારો ૪૨થી ઉપર રહ્યો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬.૭ ડિગ્રી નોંધાયું હતું. આજે રાજ્યના જે ભાગોમાં પારો ૪૨થી ઉપર રહ્યો હતો તેમાં અમદાવાદ ઉપરાંત ડીસા, ગાંધીનગર, ભાવનગર, સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. આ તમામ જગ્યાએ પારો ઉંચી સપાટીએ રહેતા લોકો ગરમીના કારણે ત્રાહિમામ પોકારી ગયા હતા. આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. અમદાવાદ શહેરમાં બપોરમાં આજે પણ રસ્તા સુમસામ દેખાયા હતા.સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ગઈકાલે ગુરૂવારના દિવસે પણ વરસાદ પડતા લોકોમાં આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું હતું. અમરેલીના રાજુલા સહિતના પંથકમાં કરા અને વાવાઝોડા સાથે વરસાદ થયો હતો. અમરેલીના દીપડીયા, ધારેશ્વર, વાવેરામાં વાવાઝોડા સાથે વરસાદી ઝાપટુ પડ્યું હતું. તીવ્ર ગરમી પડી રહી છે ત્યારે એકાએક સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં હવામાનમાં પલ્ટો આવ્યો હતો. અમરેલી ઉપરાંત રાજકોટના જુદા જુદા ભાગોમાં પણ ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડ્યા હતા. દરમિયાન, ગરમીના પ્રકોપથી હાલ રાહત મળે તેવી શક્યતા નહિવત દેખાઈ રહી છે. હિટ સ્ટ્રોકના કારણે લોકોને અસર થઈ હતી. બીજી બાજુ દરેક ઝોનદીઠ પાણીની મોબાઈલ પરબ પણ શરૂ કરાઈ હતી.

લોકો સાવધાન થયા છે અને બપોરના ગાળામાં હવે લોકો નજરે પડી રહ્યા નથી. તીવ્ર ગરમી વચ્ચે અમદાવાદ શહેર માટે હિટવેવ એક્શન પ્લાનની જાહેરાત કરવામાં આવ્યા બાદ આને અમલી રાખવામાં આવ્યો છે. લોકોને હિટવેવ સામે જાગૃત કરવા પણ પગલા લેવામાં આવી રહ્યા છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં પાણીની પરબ પણ ગોઠવવામાં આવી છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સંપૂર્ણ રીતે સક્રિય થયેલી છે. આ સંસ્થાઓ દ્વારા ઠંડા પાણી અને છાશ જેવી ચીજવસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઉપરાંત બાગ બગીચાઓને પણ ખુલ્લા રાખવામાં આવી રહ્યા છે. લૂ ન લાગે કે હિટસ્ટ્રોકનો ભોગ બનવું ન પડે તે માટે લોકોને બને એટલું પાણી વધારે પીવા પર ખાસ સલાહ સલાહ આપવામાં આવી છે. અમદાવાદ સહિત રાજયભર માટે હવામાન વિભાગ તરપથી હીટવેવની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ ગરમીથી બચવા માટે લોકો સાવધાન થયેલા છે.



## નરોડા ગામ કેસમાં સાક્ષી જુબાની પર મક્કમ રહ્યો

નરોડા ગામના રાયોટીંગ કેસના ટ્રાયલ દરમ્યાન બચાવપક્ષના ખૂબ જ મહત્વના અને બનાવ નજરે જોનાર ગુપ્ત સાક્ષી કિશન ક્રિશ્ચિયનની પ્રોસીકયુશન પક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવી હતી, જેમાં સાક્ષીએ પ્રોસીકયુશન પક્ષ તરફથી પૂછાયેલા પ્રશ્નો નકારી કાઢયા હતા અને ગઈકાલે આપેલી પોતાની જુબાની અને તેમાં જણાવેલી હકીકતોને મકક્મતા સાથે વળગી રહ્યો હતો. આ સાક્ષીએ ઉલટતપાસમાં સાફ શબ્દોમાં આજે ફરી એકવાર કોર્ટ સમક્ષ એ વાતનો પુનરોચ્ચાર કર્યો હતો કે, મેં બનાવના દિવસે કુંબારવાસ તરફ ગયેલા ટોળાની પાછળ મહંમદભાઈ શેખ પાઈપ અને તેમનો પુત્ર અલાઉદ્દીન શેખ હાથમાં કટાર લઈને ટોળાની પાછળ દોડતા હતા. ટોળામાં વિહિપ નેતા જયદીપ પટેલ, પૂર્વ કોર્પોરેટર વલ્લભભાઈ પટેલ સહિતના આરોપીઓ સામેલ ન હતા અને મેં તેઓને જોયા ન હતા. આમ નરોડા ગામ કેસમાં નજરે જોનાર સાક્ષીની જુબાની અને ઉલટતપાસમાં એવો મહત્વનો પુરાવો કોર્ટના રેકર્ડ પર આવ્યો હતો કે, બનાવના દિવસે ડો.જયદીપ પટેલ, વલ્લભભાઈ પટેલ સહિતના આરોપીઓ ઘટનાસ્થળે હાજર ન હતા. આ સાક્ષીની ઉલટતપાસ પૂર્ણ થયા બાદ ડેઝીગ્નેટેડ કોર્ટના સ્પેશ્યલ જજ પી.બી.દેસાઈએ કેસની વધુ સુનાવણી સોમવારે રાખી હતી.

# ગેરહાજર રહેલા વિદ્યાર્થીને પૂરક પરીક્ષામાં તકની માંગ

### ખુદ કારોબારી સમિતિના સભ્યોએ વિદ્યાર્થીઓના હિતમાં માંગ કરી : બોર્ડને હકારાત્મક વલણ અપનાવવા અનુરોધ

અમદાવાદ, તા.૨૦ ધોરણ-૧૨ સાયન્સની આગામી જૂલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓને પણ આ પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની તક પૂરી પાડવામાં આવે તેવી બોર્ડની કારોબારી સમિતિના સભ્યો તરફથી બોર્ડ સમક્ષ માંગણી કરવામાં આવી છે. ધો-૧૨ સાયન્સમાં સેમેસ્ટર સીસ્ટમ રદ કરી દેવાઈ હોઈ સેમેસ્ટર-૧,૨,૩ અને ૪ની પરીક્ષામાં ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓને પણ જૂલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસવા દેવા વિદ્યાર્થીઓના હિતમાં બોર્ડ સમક્ષ લેખિતમાં માંગણી કરાઈ છે. ખુદ બોર્ડની કારોબારી સમિતિના સભ્યો તરફથી કરાયેલી લેખિત રજૂઆતમાં એ વાત પણ ભાર મૂકાયો હતો કે, આ પરીક્ષા બાદ ઓકટોબર-૨૦૧૭ અને માર્ચ-૨૦૧૮માં પણ આવા વિદ્યાર્થીઓને તક આપવામાં આવે તો, એક જ વર્ષમાં મોટાભાગના વિદ્યાર્થીઓ પાસ થઈ શકે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં જ ધોરણ-૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જૂલાઈ માસમાં પૂરક પરીક્ષા લેવામાં આવશે.

આ પૂરક પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ નાપાસ થયા હોય તે, અગાઉની પૂરક પરીક્ષામાં નાપાસ થયા હોય તેવા અને જેઓ પૂરક પરીક્ષામા બેઠા હોય અને નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તેવી જોગવાઈ છે. દરમ્યાન બોર્ડની કારોબારી સમિતિના સભ્યોએ બોર્ડના ડેપ્યુટી ચેરમેનને મળીને એક મહત્વપૂર્ણ આવેદનપત્ર સુપ્રત કર્યુ હતુ અને તેમાં એવી માંગણી કરી હતી કે, ધોરણ-૧૨ સાયન્સમાં સેમેસ્ટર સીસ્ટમ રદ કરવામાં આવી હોઈ સેમેસ્ટ-૧,૨,૩ અને ૪ની પરીક્ષામાં ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓને પણ પૂરક પરીક્ષામાં બેસવા દેવામાં આવે. બોર્ડના નિયમ મુજબ, પરીક્ષામાં ગેરહાજર રહેનાર અને કોપી કેસમાં પકડાયેલ વિદ્યાર્થી પૂરક પરીક્ષામાં બેસી શકતા નથી પરંતુ પ્રસ્તુત કિસ્સામાં હવે સેમેસ્ટર સીસ્ટમ જ રદ કરાઈ હોઈ ગેરહાજર રહેનારા વિદ્યાર્થીઓને પણ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની તક પૂરી પાડવી જોઈએ કે જેથી તેઓનું વર્ષ બચી શકે.બોર્ડને એવો પણ અનુરોધ કરાયો કે,વિદ્યાર્થીઓના હિતમાં બોર્ડે આ મામલે હકારાત્મક અભિગમ અપનાવવો જોઈએ અને આવા વિદ્યાર્થીઓને ઓકટોબર-૨૦૧૭તેમ જ માર્ચ-૨૦૧૮માં પણ તક પૂરી પાડવી જોઈએ કે જેથી એક જ વર્ષના ગાળામાં આવા વિદ્યાર્થીઓ પાસ થઈ ઉચ્ચ અભ્યાસ માટે આગળ વધી શકે અને તેમની કારકિર્દી બગડે નહી. બોર્ડે સમિતિના સભ્યોની રજૂઆતને ગંભીરતાથી લઈ તે પરત્વે વિચારણા શરૂ કરી છે.

# જેસીબીએ ડીસીપી ગીરીશ પંડયાની કારને મારેલી ટક્કર

શહેરના એસપી રીંગ રોડ પર દિન પ્રતિદિન અકસ્માતનું પ્રમાણ વધતું જાય છે. ગઈકાલે મોડી રાત્રે એસપી રીંગ રોડ પર દાસ્તાન ફાર્મ નજીક ઝોન-૫ના ડીસીપીની કાર જેસીબીએ સર્જેલા અકસ્માતની ઝપટમાં આવી હતી. જેસીબીના ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવતા ડીસીપી ગીરીશ પંડયાની ઝાયલો કાર અકસ્માતનો ભોગ બની હતી. જો કે, આ અકસ્માતમાં ડીસીપી અને તેમના ડ્રાઈવર મુકેશભાઈનો અદ્ભુત બચાવ થયો હતો. અલબત્ત, ડીસીપીને સામાન્ય ઈજા થઈ હતી, જયારે કોન્સ્ટેબલ ડ્રાઈવર મુકેશભાઈને જમણા હાથ અને પગમાં ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. આ ગુનામાં આરોપી જેસીબી ડ્રાઈવર દિલીપસિંહ ઉમેદસિંહ મકવાણા વિરૂધ્ધ જરૂરી ગુનો નોંધી તેની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. એસપી રીંગ રોડ પર દાસ્તાન ફાર્મ પાસે આવેલા સરદાર પાર્ટી પ્લોટની બાજુમાં ઉભેલા જેસીબીના ચાલકે બેદરકારીભરી રીતે પોતાનું વાહન હંકારી ટર્ન લેતાં ડીસીપી ગીરીશ પંડયાની સરકારી કાર ઝાયલોને જોરદાર ટક્કર વાગી હતી. જેસીબી મશીન અથડાતાંની સાથે જ કારનો દરવાજો તૂટી ગયો હતો અને એટલો હિસ્સો ભુક્કો થઈ ગયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે, જેસીબીની ટક્કરથી ડીસીપીની કાર દોઢસોથી બસો મીટર સુધી ઘસડાઈ હતી. આ અકસ્માતમાં ડીસીપી ગીરીશ પંડયાને બિલકુલ સામાન્ય ઈજા થતાં તેઓનો આબાદ બચાવ થયો હતો.




અમદાવાદના બહેરામપુરામાં કચરાના નિકાલની વ્યવસ્થા અપૂરતી હોવાના પગલે આડેધડ ડમ્પીંગના વિરોધમાં સ્થાનિક રહિશો અને કોંગ્રેસે દેખાવો કર્યા હતા.

## ચૂંટણી પંચનો પડકાર ● અનુસંધાન પહેલાનું ચાલુ

હેકીંગ સાથે જોડાયેલા પડકારની તારીખની જાહેરાત કરી દીધી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર નસીમ જેદીએ કહ્યું હતુ કે રાજકીય પક્ષો ત્રીજી જૂનથી ઈવીએમ હેકીંગના પડકારમાં સામેલ થઈ શકે છે. જેદીએ કહ્યું હતુ કે દરેક પાર્ટીને હેકીંગ અથવા તો ઈવીએમ ટેમ્પરીંગ પુરવાર કરવા માટે ચાર કલાકનો સમય આપવામાં આવશે. કોઈપણ પાર્ટી પોતાના ત્રણ પ્રતિનિધિને આ પડકારમાં સામેલ થવા માટે મોકલી શકે છે. આ પડકારમાં કોઈપણ રાજકીય પક્ષ સામેલ થઈ શકે છે. પાર્ટીઓને આ બાબતની સ્વતંત્રતા રહેશે કે તે હાલમાં થયેલી પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના કોઈપણ ચાર મતદાન મથકોથી ઈવીએમ મંગાવી શકે છે. પાર્ટીઓ પાસે તક રહેશે કે તે સાબિત કરે કે ચૂંટણી પરિણામને કોઈ ખાસ પાર્ટીની તરફેણમાં આપી શકાય છે. આ ઉપરાંત પાર્ટીઓને આ બાબત પુરવાર કરવા માટે પણ કહેવામાં આવ્યું છે કે ચૂંટણી પંચની સુરક્ષામાં ઈવીએમ સાથે ચેડા કરવાની બાબત શક્ય રહેલી છે. જેદીએ કહ્યું હતું કે રાજકીય પાર્ટીઓ ૨૬મી જૂન સુધી ઈમેલ અથવા ઓનલાઈન અરજી મારફતે આ પડકારમાં પોતાની ભાગીદારીની ખાતરી કરી શકે છે. તમામ પાર્ટીઓને નિશ્ચિત તારીખ અને સમયની ફાળવણી કરવામાં આવશે. પાર્ટી જે ઈવીએમની માંગ કરશે તેને પોલિંગ સ્ટેશનમાં લાવતી વેળા સાથે સફર કરવાની પણ મંજુરી રહેશે. પડકાર પહેલા મશીનો ખોલીને જોવાની તક અપાશે.

## ફાઈનલ મેચ ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા બાદ ક્વાલિફાયર-૨માં મુંબઈ ઈન્ડિયન્સે ઈલિમિનેટરમાં જીત મેળવનાર કોલક્તા પર એકતરફી મેચમાં છ વિકેટ જીત મેળવી હતી. આની સાથે જ ફાઈનલમાં કુચ કરી હતી. હૈદરાબાદ ખાતે રમાનારી મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ફાઈનલ મેચને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બન્ને ટીમો હવે નિર્ણાયક સમયમાં જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. રોહિત શર્માના નેતૃત્વમાં મુંબઈની ટીમ હોટફેવરીટ તરીકે રહેનાર છે. કારણ કે તેના ખેલાડી વધારે શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યા છે. જો કે સ્ટીવ સ્મીથના નેતૃત્વમાં પુણેની ટીમ પણ જોરદાર દેખાવ કરવા માટે સજ્જ છે. બન્ને ટીમના સ્ટાર ખેલાડી પર તમામની નજર રહેશે.

આઈપીએલ-૧૦ની મેચો

હવે આવતીકાલે ફાઈનલની સાથે જ પૂર્ણ થનાર છે. સન રાઈઝ હૈદરાબાદ વર્તમાન ચેમ્પિયન ટીમ છે. આઈપીએલ-૧૦ની મેચો દસ શહેરોમાં રમાઈ હતી. પ્રથમ તબક્કાની ૫૬ મેચો પૂર્ણ થયા બાદ ક્વાલિફાયરનો તબક્કો શરૂ કરવામાં આવ્યો હતો. આઈપીએલ-૧૦માં પણ ટ્વેન્ટી વર્લ્ડ કપની જેમ જ ચોગ્ગા અને છગ્ગાની રમઝટ હજુ સુધી જોવા મળી છે. કુલ ૬૦ ટ્વેન્ટી- ૨૦ મેચો સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રમાઈ છે. આવતીકાલે છેલ્લી મેચ રમાનાર છે. જે પૈકી પ્રથમ તબક્કામાં ૫૬ મેચો રમાઈ હતી. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી તમામ ખેલાડીઓ જોરદાર ફોર્મમાં ચાલી રહ્યા છે. બીજી ક્વાલિફાઈંગ ફાઈનલ મેચમાં કોલકતા નાઈટ રાઈડર્સ પર મુંબઈ ઈન્ડિયન્સે શાનદાર જીત મેળવી હતી. કોલકતા નાઈટ રાઈડર્સે પ્રથમ બેટીંગ કરતા માત્ર ૧૦૭ રન બનાવ્યા હતા. કોલકતા તરફથી તમામ બેટ્સમેનો ફલોપ રહ્યા હતા. ગૌતમ ગંભીર ૧૨, ઉથપ્પા ૧, લીન ૪ અને નારેન ૧૦ રન કરીને આઉટ થઈ ગયા હતા. મુંબઈ તરફથી જોન્સન, બુમરાહ અને શર્માએ જોરદાર બોલીંગ કરી હતી. કેવી શર્માએ ૧૬ રનમાં ચાર વિકેટ ઝડપીને મુંબઈને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. હવે આવતીકાલે રમાનારી મેચમાં પણ આ તમામ બોલરો પાસેથી શાનદાર દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે. જોકે મુંબઈ ઈન્ડિયન્સ તરફથી બેટ્સમેનોનો ફલોપ શો રહ્યો છે. સીમોન્સ, પાર્થિવ પટેલ, રાયડુ, રોહિત શર્મા, પોલાર્ડ ઉપર તમામની નજર રહેશે. હૈદરાબાદમાં હાઉસફુલની સ્થિતિ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. આવતીકાલની મેચમાં હાઉસફુલની સ્થિતી જોવા મળી શકે છે. મેચને લઈને હૈદરાબાદમાં ક્રિકેટ ફિવર હાલ જોવા મળે છે.

મુંબઈ ઈન્ડિયન્સ : પોલાર્ડ, માલિંગા, લેન્ડલ સિમોન્સ, મેકલાઘન, બટલર, સાઉથી, રોહિત શર્મા, હરભજન, રાયડુ, જસપ્રિત, શ્રેયસ, વિનય કુમાર, પાર્થિવ પટેલ, નીતિશ રાણા, સિદ્ધેશ દિનેશ, સૂચિથ, હાર્દિક પંડ્યા, જીતેશ શર્મા, કૃણાલ પંડ્યા, દિપક પુનિયા, મિશેલ જોન્સન, નિકોલસ પુરન, ગુનારત્ન

રાઈઝિંગ પુણે : સ્ટીવ સ્મીથ, પ્લેસીસ, માર્શ, ઝંપા, ખ્વાજા, ઈમરાન તાહીર, ધોની, રહાણે, અશ્વિન, બિંદા, અંકુશ, રજત ભાટિયા, અંકિત શર્મા, ઈશ્વર પાંડે, જકરનસિંહ, બાબા અપરાજીત, દિપક ચહેલ, મંયક અગ્રવાલ, શર્દુલ ઠાકુર, બેન સ્ટોક, ડેનિયર ક્રિસ્ટન, ફર્ગુસન

## શોર્ટ ટર્મ ઓપરેશન ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાબતનો ઉલ્લેખ છે. આ પ્રથમ વખત બન્યું છે જ્યારે હવાઈ દળના વડાએ તમામ અધિકારીઓને પત્રો લખ્યા છે. પત્રમાં ઘણી બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાલમાં ત્રાસવાદી હુમલામાં વધારો થયો છે. યુદ્ધ વિરામ ભંગના મામલા વધ્યા છે. તૈયારી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા કહેવામાં આવ્યું છે. એર ચીફ માર્શલ ધનોઆએ આઈએએફના ચીફ તરીકેનો ચાર્જ લીધાના ૩ મહિના પછી આ પત્ર લખવામાં આવ્યો હતો. આ પત્રને ફોર્સના લગભગ ૧૨,૦૦૦ ઓફિસર્સને પોસ્ટ અને ડિલિવર કરવામાં આવી રહ્યો છે. આવુ પહેલીવાર થઈ રહ્યું છે કે આઈએએફના ચીફે તમામ ઓફિસરોને વ્યક્તિગત પત્ર લખ્યો હોય. જોકે ફિલ્ડ માર્શલ કે એમ કરિઅપ્પાએ ૧ મે ૧૯૫૦ અને જનરલ કે સુંદરજીએ પણ ૧ ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજ આવા જ પ્રકારનો લાંબો પત્ર લખ્યો હતો. પત્રમાં જણાવ્યું છે કે, વર્તમાન સિનારિયોમાં સતત સબ કન્વેન્શનલ ખતરો રહેલો છે. તેથી આપણે આપણા વર્તમાન હોલ્ડિગ્સ સાથે શોર્ટ નોટિસમાં તૈયાર રહેવાની જરૂર છે. આપણી ટ્રેઈનિંગ આ બાબત પર જ કેન્દ્રિત હોવી જોઈએ.

આ સબ કન્વેન્શનલ ખતરો પાકિસ્તાન દ્વારા પ્રોકસી વોરના સંદર્ભમાં કહેવામાં આવ્યું છે. આ ખતરો મિલિટરી કેમ્પ્સ પર વધી રહેલા આતંકવાદી હુમલાઓની સંખ્યા અને જમ્મુ કશ્મીરની જનતામાં વધી રહેલી અશાંતિમાં સ્પષ્ટ જણાઈ આવે છે. પત્રમાં આપણા વર્તમાન હોલ્ડિંગ્સનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે આઈએએફ પાસે ફાઈટર સ્કવોડ્રોન્સની ગંભીર અછત હોવાનું દર્શાવે છે.

## ધમધમાટ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રુપ સેમિનારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિના પગલે શહેરની સીકલ ફેરવાઈ ગઈ છે.

હજુ પ્રધાનમંત્રી છેક ૨૨મી મે ના રોજ સાંજે ગાંધીનગર આવી રહ્યા છે પરંતુ પોલીસ બંદોબસ્ત અત્યારથી જ ગોઠવી દેવાયો છે. એસઆરપીની વિવિધ ટુકડીઓ અને વિવિધ જિલ્લાની પોલીસ બંદોબસ્તમાં ગોઠવાઈ ગઈ છે. ખાસ કરીને રાજભવનથી મહાત્મા મંદિર સુધીના માર્ગને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયુ છે. સુરક્ષાને પગલે ટ્રાફિક તંત્ર દ્વારા શહેરના સર્કલો તથા સેક્ટરોમાંથી મેઈન રોડ પર પ્રવેશ મેળવવાના રસ્તાઓ પર બેરીકેટ મુકી દેવાયા છે. પોલીસ કર્મીઓને રજા ન લેવા આદેશ કરાયા છે. જ્યારે જે પોલીસ અધિકારીઓ રજા પર છે તેમને પરત બોલાવી લેવાયા છે. મહાત્મા મંદિરના માર્ગે વિવિધ દેશોના ફલેગ લગાવી આકર્ષણ ઉભુ કરાયું છે.

## વાહન ધારકો ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

'સાહેબ રજા પર છે' જેવા આશ્ચર્યજનક જવાબો પણ મળે છે. છેલ્લા ચાર-પાંચ માસથી સર્જાયેલ આ પરિસ્થિતિને કારણે વાહનધારકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. એક તરફ ટ્રાફિક પોલિસ દ્વારા વાહનોના તમામ ડોકયુમેન્ટસ હાજર માંગવામાં આવે છે જયારે બીજી તરફ આરટીઓ કચેરીની કથળેલ સેવાઓને કારણે વાહનચાલકો ચિંતાજનક સ્થિતિમાં મુકાયા છે.